



# પ્રજ્ઞા








# સચિત્ર બાળપોથી

## ધોરણ - ૨ ગુજરાતી










# સચિત્ર બાળપોથી વિશે...

- ઉચ્ચ પ્રાથમિક ધોરણમાં જેમ ડીક્ષનરીનો ઉપયોગ હોય છે, તે રીતે નિમ્ન પ્રાથમિક ધોરણમાં ચિત્ર સાથેની ડીક્ષનરીનો ઉપયોગ થાય તે માટેનો આ પ્રયાસ છે.
- શબ્દનું ચિત્ર સાથે વર્ણન હોવાથી વિદ્યાર્થીને જે તે શબ્દ વિશેની સંકલ્પના સારી રીતે સ્પષ્ટ થાય છે.
- સચિત્ર બાળપોથીનો ઉપયોગ ધોરણ - ૨ ના એકમ - ૧૦ થી શરૂ થાય છે.
- દરેક એકમમાં ચાર મૂળાક્ષરનાં ચાર-ચાર એમ કુલ સોળ ચિત્રો વિશેનું વર્ણન વિદ્યાર્થીએ વાંચવાનું છે. (એકમ -૧૦ થી ૧૭)
- વિદ્યાર્થીએ જે ચિત્રનું વર્ણન વાંચ્યું છે,તેનું ખરેખર અર્થગ્રહણ થયું છે કે નહિ, તે ચકાસવા માટે ચિત્રના વર્ણન વિશે બે-ત્રણ વાકય સ્લેટમાં લખવા આપવા.આ માટે અમુક એકમમાં સ્વઅધ્યયનપોથીમાં અનુકાર્ય આપેલ છે.
- આગળના ધોરણ માટે શબ્દકોશના ઉપયોગ માટે વિદ્યાર્થી ક્રમશઃ કક્કો,સ્વર અને બારાક્ષરી શીખે તે જરૂરી છે. આથી એકમ -૧૮માં આ બાબત આપવામાં આવેલ છે.
- ગુજરાતી સ્વરનો પરિચય આપવા એકમ -૧૯માં સ્વરથી શરૂ થતા શબ્દોના ચિત્રોનું વર્ણન આપેલ છે.



## કમળ



## કીડી

કમળનું ફૂલ સુંદર હોય છે.
તે ગુલાબી રંગનું હોય છે.
પોયણું સફેદ રંગનું હોય છે.
કમળ તળાવ કે સરોવરમાં ઊગે છે.
કમળ સૌનું ગમતું ફૂલ છે.

કીડી નાનકડી હોય છે.
તે સમૂહમાં રહે છે.
જમીનમાં દર બનાવે છે.
તે ખૂબ મહેનતુ હોય છે.



# કૂકડો

કૂકડો સુંદર પક્ષી છે.
તેને માથે કલગી હોય છે.
કૂકડાની પાંખો રંગબેરંગી હોય છે.
તે વહેલી સવારે કૂકડે-કૂક બોલે છે.



# કેરી

કેરી મજાનું ફળ છે.
કેરીનો રસ સૌને ભાવે છે.
કાચી કેરી લીલી અને
પાકી કેરી પીળી હોય છે.
કેરી ફળોનો રાજા છે.



## ખલ



## ખાટલો

ખલ પથ્થરનો હોય છે.
ખલનો ઉપયોગ રસોડામાં થાય છે.
તેમાં આદુ-મરચાં
વાટવામાં આવે છે.

ખાટલો લાકડાનો હોય છે.
ખાટલો સૂવાના કામમાં આવે છે.
ખાટલો દોરી અથવા પાટીથી
ભરવામાં આવે છે.



## ખુરશી



## ખેડૂત

ખુરશી બેસવાના કામમાં આવે છે.

ખુરશી લાકડાની, લોખંડની
કે પ્લાસ્ટિકની પણ હોય.

ખુરશીને ચાર પાયા હોય છે.

ખેડૂત ખેતી કરે છે.

તે અનાજ પકવે છે.

તે શાકભાજી પણ ઉગાડે છે.

તે ખૂબ મહેનત કરે છે.




## ગલૂડિયું



## ગાજર

કૂતરાના બચ્ચાને ગલૂડિયું કહેવાય છે.
ગલૂડિયું કાબરચીતરા, ધોળા, રાતા અને
કાળા રંગનું હોય છે.
બાળકોને ગલૂડિયાં બહુ ગમે છે.

ગાજરનો રંગ લાલ હોય છે.
તે જમીનની અંદર થાય છે.
ગાજર ખાવાની મજા પડે !
ગાજરનો હલવો તો સૌને ભાવે !



# ગુફા

ગુફા એટલે પહાડોમાં આવેલી બખોલ.

તે જંગલી પ્રાણીઓનું ઘર છે.

વાઘ-સિંહ ગુફામાં રહે છે.



# ગુલાબ

ગુલાબ એક સુંદર ફૂલ છે.

તે ગુલાબી, લાલ કે સફેદ રંગનું હોય છે.

તે સુંદર દેખાય છે.

તેની સુગંધ સૌને ગમે છે.



## ઘર



## ઘુવડ

માણસના રહેઠાણને ઘર કહેવામાં આવે છે.
તે માટી કે ઈંટ-ચૂના-સિમેન્ટનું હોય છે.
ઘર ઠંડી-ગરમી અને વરસાદથી
આપણને બચાવે છે.

ઘર સૌને ગમે છે.

ઘુવડ પક્ષી છે.
તેની આંખો ગોળ હોય છે.
તે રાતે જ જોઈ શકે છે.



# ઘોડાગાડી



# ઘોડિયું

ઘોડા વડે ચાલતી ગાડી એટલે ઘોડાગાડી.

તેમાં બેસવાની ખૂબ મજા આવે છે.

તે બગીચામાં અને ફરવાનાં સ્થળોએ
જોવા મળે છે.

ઘોડિયું લાકડાનું હોય છે.

તેમાં નાના બાળકને
સુવડાવવામાં આવે છે.
બાળકને ઘોડિયામાં સૂવાની
મજા આવે છે.



# ચકલી

ચકલી નાનકડું અને સુંદર પક્ષી છે.
તે ઘરઆંગણામાં જોવા મળે છે.
તે રાખોડી રંગની હોય છે.
તે અનાજના દાણા ખાય છે.



# ચબૂતરો

પંખીઓને દાણા નાખવાની જગ્યાને ચબૂતરો કહે છે.
ગામના ચોકમાં ચબૂતરો હોય છે.
પંખીઓ ચણ ચણવા માટે ચબૂતરે આવે છે.



## ચોપડી



## ચંપલ

ચોપડીને પુસ્તક પણ કહેવાય.
તે કાગળમાંથી બને છે.
ચોપડી વાંચવા માટે ઉપયોગી છે.
કેટલીક ચોપડીઓમાં ચિત્રો પણ હોય છે.

ચંપલ પગમાં પહેરાય છે.
તેને પગરખું પણ કહેવાય.
ચંપલ ચામડા કે રબરનાં હોય છે.
ચંપલ પગનું રક્ષણ કરે છે.



# છત્રી

છત્રી ચોમાસામાં કામ લાગે.

તે વરસાદથી આપણું રક્ષણ કરે છે.

છત્રી રંગબેરંગી અને નાની મોટી મળે છે.



# છાણ

ગાય-ભેંસના મળને છાણ કહે છે.

છાણમાંથી ખાતર બને છે.

છાણમાંથી છાણાં બને છે.

તે બળતણ તરીકે કામ લાગે છે.



## છાબડી

છાબડી વાંસની હોય છે.

છાબડીમાં નાની વસ્તુઓ
મૂકવામાં આવે છે.

છાબડીમાં ફૂલ, ફળ અને શાકભાજી
પણ  રાખવામાં આવે છે.



## છીપલાં

છીપલાં નદી-સમુદ્રમાંથી મળે છે.

છીપલામાંથી ઝુમ્મર, ઘરેણાં
જેવી સુશોભનની વસ્તુઓ બને છે.

બાળકોને છીપલાં ગમે છે.



## જમરૂખ

જમરૂખ ફળ છે.
તે લીલા રંગનું હોય છે.
સ્વાદમાં મીઠું હોય છે.



## જમીન

આપણે જેની પર રહીએ છીએ
તેને જમીન કહેવાય.
જમીન કઠણ હોય છે.
જમીન પર ખેતી થાય છે.
જમીન પર મકાનો પણ બને છે.



## જહાજ



## જામફળ

જહાજ લાકડામાંથી બને છે.


તે ખૂબ મોટું હોય છે.

જહાજ દરિયાના પાણીમાં તરે છે.

જામફળ શિયાળાનું ફળ છે.

કાચું જામફળ લીલું અને પાકું
પીળા રંગનું હોય છે.

જામફળ સ્વાદે મીઠાં હોય છે.



## ઝરણું

ઝરણું ડુંગર કે પર્વતમાંથી નીકળે છે.
તેનું વહેતું પાણી ચોખ્ખું હોય છે.
તે જોવું ખૂબ ગમે છે.
તે ખળખળ વહે છે.



## ઝાકળ

વહેલી સવારે આકાશમાંથી પાણીનાં બિંદુ વરસે.
તેને ઝાકળ કહેવાય.
ઘાસ પર પડેલાં ઝાકળબિંદુ મોતી જેવાં લાગે !
સવારે ઘાસ પર ચાલીએ
તો ઝાકળથી પગ ભીંજાઈ જાય !



# ઝાડ



# ઝાંઝર

ઝાડ છાંયડો આપે છે.

તે ફળ- ફૂલ આપે છે.

લીમડો, આંબો, બાવળ ઝાડ કહેવાય.

ઝાડનાં પાન લીલાં હોય છે.

ઝાંઝર એક ઘરેણું છે.

સ્ત્રીઓ પગમાં ઝાંઝર પહેરે છે.

ઝાંઝર ચાંદીનાં કે ધાતુનાં હોય છે.

ઝાંઝરનો છમ છમ અવાજ ગમે છે.



## ટપાલી



## ટમેટાં

ટપાલી પોસ્ટઑફિસમાં કામ કરે છે.
ટપાલીનું કામ ટપાલ વહેંચવાનું છે.
તે સમાજનો સેવક કહેવાય.

ટમેટું લાલ રંગનું હોય છે.
કાચું ટમેટું લીલા રંગનું હોય છે.
ટમેટું સ્વાદમાં ખાટું મીઠું લાગે છે.



## ટેબલ

ટેબલ લાકડાનું કે પતરાનું હોય છે.

તે લખવાના કામમાં આવે છે.

ખુરશી સાથે ટેબલ ઉપયોગી છે.



## ટોપી

ટોપી માથે પહેરાય છે.

ઊન કે સુતરાઉ કાપડની ટોપી બને છે.

ગરમીમાં ટોપી રક્ષણ આપે છે.

તે ઠંડીમાં પણ કામ લાગે છે.



# ઠળિયો



# ઠામ

ઠળિયો કઠણ હોય છે.

તે બોર, જાંબુ વગેરે ફળોમાંથી નીકળે છે.

તે બીજ પણ છે.

ઠળિયો વાવીએ તો ઝાડ થાય.

ઠામ એટલે વાસણ.

ઠામ જુદા-જુદા પ્રકારનાં હોય.

થાળી, વાડકો, ચમચી વગેરે ઠામ કહેવાય.

ઠામ સ્ટીલ, પિત્તળ કે તાંબાનાં હોય.



## ઠીકરું

માટીના વાસણનો ભાગેલો નાનકડો કકડો
ઠીકરું કહેવાય. અગાઉના સમયમાં ઠીકરાં
શરીર પરનો મેલ કાઢવા વપરાતાં.



## ઠંડી

શિયાળાની ઋતુમાં ઠંડી પડે.
ઠંડીમાં આપણે ગરમ કપડાં પહેરીએ.
ગરમ સ્વેટર, શાલ કે ગરમ ટોપી ઠંડીમાં
રાહત આપે. ઠંડીમાં સગડી કે તાપણી આગળ
પણ બેસાય. ઠંડીમાં સવારના
સૂર્યનો તડકો હૂંફ આપે.



## ડબ્બા

ડબ્બામાં લોટ, અનાજ
જેવી વસ્તુઓ ભરવામાં આવે છે.
તે ઘરવપરાશની ઉપયોગી વસ્તુ છે.



## ડમરું

ડમરું સંગીતનું એક સાધન છે.
મદારી પણ ડમરું રાખે છે.
ડમરું ડમ-ડમ વાગે છે.
તેનો અવાજ  કાનને ગમે છે.



## ડુંગર

ડુંગર ઊંચો હોય છે.
ડુંગરને પહાડ કે પર્વત પણ કહેવાય.
ડુંગર સુંદર લાગે છે.



## ડુંગળી

ડુંગળી શાકભાજી છે.
તેને કંદમૂળ પણ કહેવાય.
તે સૂકી અને લીલી પણ હોય છે.
તેનું કચુંબર બનાવાય છે.



## ઢગલો

ઢગલો અનાજ, રેતી કે બરફનો હોય છે.

વધુ વસ્તુઓનો ઢગલો બને છે.

ઢગલો નાનો પણ હોય અને
મોટો પણ હોય.



## ઢાલ

જૂના જમાનામાં સૈનિકો
ઢાલનો ઉપયોગ કરતા હતા.
તેઓ તલવાર કે બાણથી બચવા
ઢાલ આગળ ધરતા.
ઢાલ ધાતુ કે ચામડામાંથી બનતી.



## ઢેલ



## ઢોલક

ઢેલ પક્ષી છે.
મોર અને ઢેલ સાથે જોવા મળે છે.
ઢેલને રંગ-બેરંગી પીંછાં હોતાં નથી.
ઢેલ ઈંડાં મૂકે છે.

ઢોલક સંગીતનું સાધન છે.
તે અંદરથી પોલું હોય છે.
ઢોલકની બન્ને બાજુએ ચામડું
લગાવવામાં આવે છે.
તે નાની લાકડી કે હાથ વડે
વગાડવામાં આવે છે.



ણ ઘણ



ણ ધણ

મોટા હથોડાને ઘણ કહેવાય.
ઘણ લુહારનું ઓજાર છે.
વિવિધ નાનાં-મોટાં ઓજારો બનાવતી
વખતે લુહાર ઘણથી લોખંડને એરણ
પર રાખી ટીપે, આકાર આપે.

ગાયોના સમૂહને ધણ કહે છે.
ધણ ઘાસ ચરીને સાંજે ગામમાં પાછું ફરે
ત્યારે જ મંદિરની ઝાલર વાગતી હોય.
ગાયોના ધણની ખરીઓથી ધૂળ ઊડે.
એટલે જ આ સમયને ગોરજટાણું
કે ગોધૂલિવેળા પણ કહેવાય છે.



ણ બાણ



ણ રણ

બાણને તીર પણ કહેવાય.
બાણને ભાથામાં રાખવામાં આવે છે.
બાણ જૂના જમાનાનું હથિયાર છે.
બાણ અણીદાર હોય.
બાણને ધનુષ્ય પર ચડાવીને છોડવામાં આવે છે.

જમીનનાં અનેક સ્વરૂપો છે.
ક્યાંક વન હોય, ક્યાંક મેદાન હોય કે
ક્યાંક રણ પણ હોય.
રણમાં રેતી જ રેતી હોય.
ઊંટ રણમાં પણ ચાલી શકે છે.



## તડબૂચ



## તપેલી

તડબૂચ એક ફળ છે.

તે ઉપરથી લીલું અને અંદરથી
લાલ હોય છે.


તે ઉનાળામાં થાય છે.

તડબૂચ સ્વાદે ગળ્યું હોય છે.

તપેલી રસોઈ કરવાનું સાધન છે.

તપેલીમાં દાળ, ભાત કે શાક
બનાવવામાં આવે છે.

તપેલી નાની કે મોટી હોય છે.



## તાળું



## તોરણ

તાળું સ્ટીલ કે લોખંડમાથી બને છે.
દરવાજે તાળું મારવામાં આવે છે.
તે ચાવીથી ખૂલે છે.
તાળાથી ઘરનું રક્ષણ થાય છે.

તોરણ ઘરના બારણે લટકાવવામાં આવે છે.
તોરણ આંબો, આસોપાલવ કે બીજાં વૃક્ષનાં
પાંદડાંમાંથી બને છે.
લગ્નપ્રસંગે કે તહેવારોમાં પણ તોરણ
લટકાવવામાં આવે છે.
તોરણ ઘરને શોભા આપે છે.



## થડ



## થાળી

થડ વૃક્ષનો જ ભાગ છે.

તે મજબૂત હોય છે.

થડ જાડું હોય છે.

થડના લાકડામાંથી ખુરશી, ટેબલ બને છે.

થાળી ગોળ હોય છે.

જમવા માટે આપણે થાળીનો
ઉપયોગ કરીએ છીએ.



## થાંભલો

થાંભલો સિમેન્ટનો હોય છે.

મકાન બનાવવા, પુલ બનાવવા
થાંભલો ઉપયોગી છે.

તાર, ટેલિફોન કે વીજળી માટે
થાંભલો જરૂરી છે.



## થેલો

થેલો કપડાં અને બીજી વસ્તુઓ
ભરવાના કામમાં આવે છે.

તે ઘર વપરાશની વસ્તુ કહેવાય.

બહારગામ જવું હોય
તો થેલાની જરૂર પડે છે.



## દર્પણ



## દાડમ

દર્પણ કાચનું બનેલું હોય છે.

તે માથું ઓળવા તેમજ ચહેરો જોવાના કામમાં આવે છે.

દર્પણને અરીસો પણ કહેવાય છે.

દાડમ ગુણકારી ફળ છે.

તે રંગે લાલ હોય છે.

દાડમના દાણામાંથી મધુર રસ નીકળે છે.



## દીવાદાંડી



## દૂધી

દીવાદાંડી દરિયાકિનારે હોય છે.


તે ઊંચી હોય છે.

તેના દીવાનો પ્રકાશ દરિયામાં
દૂરથી દેખાય છે.

દૂધી શાકભાજી છે.

તે લાંબી હોય છે. તેનો વેલો હોય છે.

દૂધીમાંથી હલવો, થેપલાં, મૂઠિયાં બને છે.




## ધજા

ધજા મંદિર પર જોવા મળે છે.

તે કાપડમાંથી બને છે.

તે હવામાં ફરકતી હોય છે.



## ધનુષ

ધનુષ હથિયાર છે.

ખભે ભરાવી શકાય છે.

જૂના જમાનામાં તેનો ઉપયોગ થતો હતો.



# ધોકો

ધોકો લાકડાનો બને છે.

તે કપડાં ધોવામાં ઉપયોગી છે.

તે ઘર વપરાશની વસ્તુ છે.



# ધોબી

ધોબી કપડાં ધુએ છે.

નદીકિનારે પથ્થર કે ઘાટ પર
તે કપડાં ધુએ છે.

ધોબી કપડાંને ઈસ્ત્રી કરી આપે છે.

તે ઉપયોગી સેવક છે.



## નખ



## નર્સ

હાથની અને પગની આંગળીઓમાં
નખ હોય છે.

નખ ટેરવાંનું રક્ષણ કરે છે.

નખ નિયમિત કાપવા જોઈએ.

નર્સ દવાખાનામાં કામ કરે છે.

તે દર્દીની સેવા કરે છે. સારસંભાળ લે છે.

ડૉકટરને મદદ કરે છે.

તે સફેદ કપડાં પહેરે છે.




## નારંગી



## નાળિયેરી

નારંગી એક ફળ છે.
તેનો રંગ લીલો કે પીળો હોય છે.
તેનો રસ ખટ મીઠો હોય છે.
તે દડા જેવી ગોળ હોય છે.

નાળિયેરી વૃક્ષ છે.
તે દરિયાકિનારે વધુ જોવા મળે છે.
તે ઊંચું વૃક્ષ છે.
તેનું ફળ નારિયેળ કહેવાય છે.



## પતંગ



## પોપટ

પતંગ કાગળ અને વાંસની
સળીમાંથી બને છે.

તેને દોરી લગાવવાથી આકાશમાં ઊડે છે.

પતંગ રંગબેરંગી અને જુદા જુદા
આકારના હોય છે.

પોપટ પક્ષી છે. તેનો રંગ લીલો હોય છે.

તેના ગળામાં કાંઠલો હોય છે.

પોપટ મીઠું મીઠું બોલે છે.




## પાંદડાં

વૃક્ષ-વનસ્પતિને પાંદડાં હોય છે.

પાંદડાં રંગે લીલાં હોય છે.

પાંદડાંથી જ આપણને વૃક્ષનો છાંયડો મળે છે.



## પંખો

પંખો વીજળીથી ચાલે છે.

પંખાને ત્રણ કે ચાર પાંખિયાં હોય છે.

પંખો ફરવાથી ઠંડો પવન આવે છે.

પંખો ગરમીમાં ખૂબ ઉપયોગી છે.



## ફાનસ



## ફુગ્ગો

ફાનસ અજવાળું આપે છે.
તે કેરોસીનથી સળગે છે.
ફાનસમાં કાચનો ઉપયોગ થાય છે.
પહેલાંના જમાનામાં ફાનસનો
ઘણો ઉપયોગ થતો હતો.

ફુગ્ગા જુદા જુદા રંગના હોય છે.
ફુગ્ગામાં હવા ભરવામાં આવે છે.
બાળકોને ફુગ્ગા બહુ જ ગમે છે.



## ફીરકી




## ફૂલ

ફીરકી લાકડાની બને છે.
ફીરકીમાં દોરી વીંટવામાં આવે છે.
પતંગ ચગાવવામાં ફીરકી ઉપયોગી છે.

ફૂલ સુંદર અને સુગંધીદાર હોય છે.
ફૂલ જુદા-જુદા રંગનાં હોય છે.
મંદિરમાં તથા શુભ પ્રસંગે
ફૂલનો ઉપયોગ થાય છે.




## બટાકા



## બરણી

બટાકા શાકભાજી છે.
તે કંદમૂળ છે.
તે જમીનની અંદર થાય છે.
બટાકામાંથી વેફર અને કાતરી પણ બને છે.

બરણી વસ્તુઓ ભરવા ઉપયોગી છે.
બરણીમાં અથાણું, કઠોળ તથા મરચું-મીઠું ભરવામાં આવે છે.
બરણીમાં ચીજવસ્તુઓ સચવાયેલી રહે છે.



## બસ



## બૂટ

બસ ઉપયોગી વાહન છે.
લોકો બસમાં મુસાફરી કરે છે.
ડ્રાઈવર બસ ચલાવે છે.
બસમાં કંડકટર ટિકિટ આપે છે.

બૂટને પગરખાં પણ કહેવાય.
તે ચામડાના અને કેનવાસના બને છે.
બૂટ પગના માપ પ્રમાણે બને છે.
તે પગનું રક્ષણ કરે છે.



## ભમરડો

ભમરડો લાકડાનો રંગબેરંગી હોય છે.

ભમરડો ફેરવવા દોરી જોઈએ.

તે પોતાની અણી પર ફરે છે.

તે ફેરવવાથી આંગળીઓને
કસરત મળે છે.



## ભાનુ

ભાનુ એ સૂર્યનું જ એક નામ છે.

ભાનુ પૂર્વમાં ઊગે છે.

તે એક તારો છે. ભાનુ આપણને ગરમી
અને પ્રકાશ આપે છે.
તેથી સૌ તેને દેવ માને છે.



## ભીંડા



## ભેંસ

ભીંડા શાકભાજી છે.

તે લાંબા અને પાતળા-આંગળી જેવા આકારના હોય છે.

ભીંડા રંગે લીલા અને ચીકણા હોય છે.

ભેંસ એક પ્રાણી છે.

તે દૂધ આપે છે.

ભેંસનો ખોરાક ઘાસ છે.

તેને શિંગડાં હોય છે.

તે કાળા કે ભૂરા રંગની હોય છે.



## મગફળી



## માટલું

મગફળી જમીનની અંદર થાય છે.

મગફળી ફોલીને સીંગદાણા
કાઢવામાં આવે છે.

તેના દાણામાંથી સીંગતેલ ને
ખારીસીંગ બને છે.

માટલામાં પાણી ભરવામાં આવે છે.


તે માટીનું બને છે.

તેને લાલ રંગ લગાવવામાં આવે છે.

માટલામાં પાણી ઠંડું રહે છે.



## માળો



## મીણબત્તી

પક્ષીઓના રહેઠાણને માળો કહે છે.

મોટેભાગે તે ઝાડ પર જોવા મળે છે.

પક્ષીઓ માળામાં ઈંડાં મૂકે છે.


માળામાં તે બચ્ચાંનો ઉછેર કરે છે.

મીણમાંથી મીણબત્તી બને છે.

તેમાં વચ્ચે દિવેટ હોય છે.

તે અજવાળું આપે છે.

મીણબત્તી જુદા જુદા આકારમાં ને રંગમાં મળે છે.



## યકૃત

યકૃત આપણા શરીરનું મહત્ત્વનું અંગ છે.
તે જઠરની સહેજ ઉપર આવેલું હોય છે.
યકૃતને કાળજું પણ કહેવાય છે.
યકૃત પાચનક્રિયામાં મદદરૂપ બને છે.



## યતિ

યતિ એટલે જૈનમુનિ.
તે સફેદ કપડાં પહેરે છે.
યતિ મોઢે રૂમાલ બાંધે છે.
યતિ અહિંસામાં માને છે.




## યજ્ઞોપવીત



## યોગ

યજ્ઞોપવીત એટલે ઉપવીત-જનોઈ.
બ્રાહ્મણો જનોઈ પહેરે. જનોઈ સૂતરની હોય.
રક્ષાબંધન કે મકરસંક્રાંતિએ યજ્ઞોપવીત
બદલી શકાય.

યોગ એટલે જોડવું
એકવીસમી જૂને વિશ્વયોગ દિનની
ઉજવણી થાય છે.
યોગ કરવાથી શરીરની તંદુરસ્તી જળવાય છે.
યોગથી મનની એકાગ્રતા પણ વધે છે.



## રાખડી

રક્ષાબંધનના દિવસે રાખડી
બાંધવામાં આવે છે.

બહેન ભાઈને રાખડી બાંધે છે.

રાખડી જુદા-જુદા આકાર
અને રંગની હોય છે.



## રિક્ષા

રિક્ષામાં બેસી એક જગ્યાએથી બીજી
જગ્યાએ જવાય છે.

તેને ત્રણ પૈડાં હોય છે.

તેનો રંગ કાળો કે લીલો હોય છે.



# રેલગાડી



# રોટલો

રેલગાડી ખૂબ લાંબી હોય છે.

તે લોખંડના પાટા પર ચાલે છે.
તે ખૂબ ઝડપથી દોડે છે.

રેલગાડીમાં બેસવાની મજા આવે.

રોટલો બાજરી, જુવાર કે મકાઈના
લોટમાંથી બને છે.

માટીની કલાડીમાં બનતો રોટલો
સૌને ભાવે છે.

તે સ્વાદમાં મીઠો લાગે છે.




## લખોટી

લખોટી કાચની હોય છે.

તેનો આકાર ગોળ હોય છે.

તે જુદા જુદા રંગની હોય છે.

બાળકો લખોટીથી રમે છે.



## લપસણી

લપસણી બગીચામાં હોય છે.

લપસણી પરથી બાળકો લપસવાનો આનંદ લે છે.

તેની પર ચડવા સીડી મૂકેલી હોય છે.



## લાડુ



## લુહાર

લાડુ વાનગી છે.

તે સ્વાદે ગળ્યો હોય છે.

તે ગોળ હોય છે.

લાડુ સૌને ભાવે છે.

લુહાર લોખંડમાંથી ઓજાર બનાવે છે.

તે લોખંડને ગરમ કરી, હથોડા વડે ટીપીને ઘાટ આપે છે.

તે સાણસી, ચીપિયા અને ખેતીનાં ઓજારો બનાવે છે.



## વડ

વડ ઘટાદાર વૃક્ષ છે.

વડને વડવાઈ હોય છે.

વડને લાલ ટેટા આવે છે.

ટેટા વડનું ફળ કહેવાય.



## વાઘ

વાઘ જંગલી પ્રાણી છે.

તે જંગલમાં રહે છે.

તે અન્ય પ્રાણીઓનો શિકાર કરે છે.

વાઘના શરીરે પટ્ટા હોય છે.



## વાછરડું

ગાયના બચ્ચાને વાછરડું કહે છે.

તે ઘાસ ખાય છે.

વાછરડું મોટું થતાં ગાય કે બળદ બને છે.



## વાંસળી

વાંસળી સંગીતનું સાધન છે.

વાંસળીના સૂર સાંભળવા ગમે છે.

વાંસળી ફૂંક મારવાથી વાગે છે.

તે અંદરથી પોલી હોય છે.




## શંખ



## શિયાળ

શંખ નદી કે દરિયામાંથી મળે છે.
તેમાં ફૂંક મારવાથી વાગે છે.
શંખનો અવાજ કાનને ગમે એવો હોય છે.
શંખ મંદિરમાં વગાડવામાં આવે છે.

શિયાળ જંગલી પ્રાણી છે.
તે દેખાવે કૂતરા જેવું હોય છે.
શિયાળ ચાલાક પ્રાણી કહેવાય છે.




# શિક્ષક

શિક્ષક ભણાવે છે.
તે વિદ્યા આપે છે, તેથી ગુરુ કહેવાય છે.
શિક્ષકને બાળકો પ્રિય હોય છે.



# શેરડી

શેરડી લાકડી જેવી લાંબી હોય છે.
તેના ચોક્કસ અંતરે ગાંઠ આવે છે.
તે સ્વાદમાં ગળી હોય છે.
શેરડીના રસમાંથી ગોળ અને ખાંડ બને છે.



## ષટ્કોણ

ષટ્કોણ એક આકાર છે.
તેને છ ખૂણા હોય છે.
ઘડિયાળ, બંગડી, કાનની બુટ્ટી
વગેરેમાં આપણને ષટ્કોણ જોવા મળે છે.



## ષ ચતુષ્કોણ

ચાર ખૂણા ધરાવતી બંધ આકૃતિને ચતુષ્કોણ
કહે છે. લંબચોરસ અને ચોરસ પણ
ચતુષ્કોણ જ છે. ટેબલ, પુસ્તક, નોટબુક,
બ્લેકબોર્ડ વગેરેમાં આપણને ચતુષ્કોણ
જોવા મળે છે.



ષ મૂષક



ષ અષાઢી બીજ

મૂષક એટલે ઉંદર. મૂષક નાનું પ્રાણી છે.
તે દરમાં રહે છે. મૂષકના દાંત ઘણા જ અણીદાર
હોય છે. પણ હા, મૂષક બિલાડીથી ખૂબ ડરે !

અષાઢી બીજ એટલે અષાઢ મહિનાની બીજ.
અષાઢી સુદમાં આવતી બીજ કચ્છના લોકોનું
નવું વર્ષ છે. અષાઢ માસમાં ચોમાસું
બેસે છે. ખેડૂતો વાવણીની તૈયારી
અષાઢી બીજથી કરે છે.



# સગડી



# સાબુ

સગડી સ્ટીલ કે લોખંડની હોય છે.

તે માટીમાંથી પણ બને છે.

તે રસોઈ બનાવવાના કામમાં આવે છે.

તે વીજળી કે કોલસાથી સળગે છે.


શરીરની ચોખ્ખાઈ માટે સાબુ કામ લાગે છે.

તે નાહવામાં, કપડાં ધોવા કે વાસણ માંજવામાં વપરાય છે.

અલગ-અલગ રંગ અને સુગંધના સાબુ બજારમાં મળે છે.



## સાપ



## સિસોટી

સાપ કાળા કે કાબરચીતરા રંગના હોય છે.

સાપ ઝેરી પ્રાણી છે.
પરંતુ બધા સાપ ઝેરી હોતા નથી.

સાપનો ખોરાક દેડકાં અને ઉંદર છે તેથી તે ખેડૂતનો મિત્ર ગણાય છે.

સિસોટી બાળકોને ગમતું રમકડું છે.


પોલીસ તેનો ઉપયોગ કરે છે.

રમતોમાં પણ તેનો ઉપયોગ થાય છે.

તેનો તીણો અવાજ દૂર સુધી સંભળાય છે.




## હરણ



## હળ

હરણ વન્ય પ્રાણી છે.
તે ઘાસ ખાય છે.
તેના શરીરે ટપકાં હોય છે.
તે દેખાવમાં સુંદર લાગે છે.
તે દોડવામાં ઝડપી છે.

હળ ખેતીનું સાધન છે.
તે લાકડાનું બનેલું હોય છે.
તે એક છેડે અણીદાર હોય છે.
હળની સાથે બળદ જોડી ખેતી થાય છે.



## હાથી



## હીંચકો

હાથી જમીન પરનું સૌથી મોટું પ્રાણી છે.
તે જંગલમાં રહેનારું પ્રાણી છે.
હાથી ઘાસ અને ઝાડનાં પાન ખાય છે.
હાથીના બચ્ચાને મદનિયું કહેવાય છે.

હીંચકો સૌને ગમે છે.
હીંચકા ખાવાથી ઠંડો પવન વાય છે.
બાળકોને હીંચકો ખૂબ ગમે છે.



ળ કાળિયાર

કાળિયાર એક પ્રકારનું હરણ છે.
તેનો રંગ કાળો હોય છે.
પેટ પર સફેદ રંગ હોય છે.
તે તૃણાહારી પ્રાણી છે.



ળ ગોળ

ગોળ સ્વાદે ગળ્યો હોય છે.
ગોળ શેરડીમાંથી બને છે.
ગોળ મીઠાઈ તેમજ અન્ય રસોઈ
બનાવવામાં વપરાય છે.




ળ ચોળી



ળ બળદ

ચોળી એક શાકભાજી છે.
ચોળીની સીંગો હોય છે.
સીંગને ફળી પણ કહેવાય.
ચોળી કઠોળ કહેવાય.

બળદ ખેતીમાં ઉપયોગી પ્રાણી છે.
તે શક્તિશાળી હોય છે.
તે ખેડૂતનો સાથી છે. તેને ચાર પગ,
બે શીંગડાં ને એક પૂંછડું હોય છે.
બળદ ખેડૂતના આંગણાની શોભા કહેવાય.



## ક્ષ  ક્ષ કિરણ



## ક્ષ  ક્ષિતિજ

ક્ષ કિરણ ખાસ પ્રકારનું કિરણ છે.
જેનો ઉપયોગ તબીબી ક્ષેત્રે રોગનું નિદાન
કરવા માટે થાય છે. જોકે, તેનો વધુ પડતો
ઉપયોગ નુકસાનકારક છે.

ક્ષિતિ એટલે પૃથ્વી. દૂર સુધી નજર નાખતાં
આપણી આંખને પૃથ્વી અને આકાશ એક થઈ
ગયાં હોય એવું દેખાય છે, જેને ક્ષિતિજ કહે છે.
હકીકતમાં એવું હોતું નથી.
ક્ષિતિજ કાલ્પનિક રેખા છે.




## ક્ષ ક્ષત્રિય

ક્ષત્રિયનો ધર્મ પ્રજાના રક્ષણનો છે.
ક્ષત્રિય અસ્ત્ર-શસ્ત્ર ચલાવી જાણે.
સૌનું રક્ષણ કરવા ક્ષત્રિય વીરતાથી
શત્રુનો પ્રતિકાર કરે.



## ક્ષ ક્ષુપ

સાવ નાની વનસ્પતિ છોડ કહેવાય.
ક્ષુપ છોડ કરતાં મોટા અને વૃક્ષ કરતાં નાના હોય.
એરંડા, બોરડી, પપૈયા વગેરે ક્ષુપ કહેવાય.
તુલસી પણ ક્ષુપ છે.



## જ્ઞ વિજ્ઞાન

વિજ્ઞાન એટલે સવિશેષ જ્ઞાન.
વિજ્ઞાન અનુભવનું જ્ઞાન પણ છે.
વિજ્ઞાન મનુષ્ય માટે વરદાનરૂપ છે.
વિવિધ શોધખોળો વિજ્ઞાનને જ આભારી છે.




## જ્ઞ યજ્ઞ

યજ્ઞને હવન પણ કહેવાય છે.
ઋષિ-મુનિઓ યજ્ઞો કરતા. યજ્ઞ તન-મન અને
વાતાવરણની શુદ્ધિ માટે કરવામાં આવતા.
યજ્ઞનો એક અર્થ સેવા માટે
કરેલું કર્મ પણ થાય છે.




# જ્ઞ વિજ્ઞાપન

વિજ્ઞાપન એટલે નિવેદન કે વિનંતી. વિજ્ઞાપનને જાહેરખબર પણ કહેવાય. વિજ્ઞાપન દ્વારા લોકોને જરૂરી માહિતી આપી શકાય. વિજ્ઞાપન આકાશવાણી, દૂરદર્શન કે છાપાં દ્વારા થાય છે. વિજ્ઞાપન લોકજાગૃતિનું કાર્ય કરે છે.




# જ્ઞ જ્ઞાનેન્દ્રિય

જ્ઞાનેન્દ્રિય દ્વારા સંવેદના થાય છે. આંખ, કાન, નાક, જીભ અને ત્વચા એ પાંચ જ્ઞાનેન્દ્રિય છે. આપણે માટે જ્ઞાનેન્દ્રિયોનું ઘણું જ મહત્ત્વ છે.

## કક્કો (મૂળાક્ષર)નો ક્રમ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ક | ખ | ગ | ઘ | ચ | છ | જ | ઝ | ટ |
| ઠ | ડ | ઢ | ણ | ત | થ | દ | ધ | ન |
| પ | ફ | બ | ભ | મ | ય | ર | લ | વ |
| શ | ષ | સ | હ | ળ | ક્ષ | જ્ઞ | | |

## ગુજરાતી ભાષાના સ્વર

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| અ | આ | ઇ | ઈ | ઉ | ઊ | ઋ | એ |
| ઐ | ઓ | ઔ | અં | અઃ | | | |

## બારાક્ષરીનો ક્રમ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક | કા | કિ | કી | કુ | કૂ | કે | કૈ | કો | કૌ | કં | કઃ |
| ખ | ખા | ખિ | ખી | ખુ | ખૂ | ખે | ખૈ | ખો | ખૌ | ખં | ખઃ |



## અજગર

અજગર એટલે મોટો સાપ.
તે ઘણો જ લાંબો હોય છે.
તે નાનાં-નાનાં પ્રાણીઓને ગળી જાય છે.
અજગર ઝાડના થડને વીંટળાઈ જાય છે.
અજગરના શરીર પર ધબ્બા હોય છે.



## આકડો

આકડો એક વનસ્પતિ છે.
તે વગડા - ખેતરમાં ઊગે.
ગામના પાદરમાં પણ આકડા ઊગે.
આકડાને ઘણાં પાંદડાં હોય.
આકડાનો રસ સફેદ હોય છે.



## ઇમારત



## ઈદગાહ

ઈમારત એટલે મોટું મકાન.
હવેલીને પણ ઈમારત કહેવાય.
શહેરોમાં મોટી - મોટી ઈમારતો હોય છે.
લાલ કિલ્લો અને તાજમહેલ આપણી
અણમોલ ઈમારતો છે.

ઈદ મોટો તહેવાર છે.
ઈદને દિવસે મુસલમાન ધર્મ પાળતા લોકો
નમાજ પઢવા ઈદગાહમાં જાય.
ઈદગાહ એટલે ઈદની નમાજ પઢવાનું સ્થાન.



## ઉદ્યાન




## ઊન

આ ઉદ્યાન છે.
ઉદ્યાનને બાગ કે બગીચો પણ કહેવાય.
ઉદ્યાનમાં અનેક વૃક્ષો, છોડ ને વેલા હોય.
જાતજાતનાં ફળ-ફૂલો પણ હોય.
ઉદ્યાનમાં બેસવાની ને રમવાની મજા આવે.

ઘેટાંના વાળને ઊન કહેવામાં આવે છે.
ઊન આપણને બહુ ઉપયોગી છે.
ઊનમાંથી મફલર, ટોપી અને સ્વેટર
જેવાં ગરમ કપડાં બને છે.
ઊન આપણને ઠંડી સામે રક્ષણ આપે છે.




## ઋષિ



## એરણ

ઋષિ વનમાં રહે.
ઈશ્વરનું નામસ્મરણ કરે.
ઋષિ ઉપદેશ આપે કે
સારા બનો, સારાં કાર્યો કરો.

એરણ લુહારની કોઢમાં હોય છે.
તે લોખંડની હોય છે.
એરણ પર દાતરડું, કુહાડી કે કોદાળી
મૂકીને લુહાર તેને ટીપીને ઘાટ આપે છે.



## ઐરાવત



## ઓશીકું


ઐરાવત એટલે હાથી.
ઈન્દ્રના હાથીને ઐરાવત કહે છે.
તે એક રત્ન છે.
તેને એક કરતાં વધુ સૂંઢ હોય છે
એવું માનવામાં આવે છે.

ઓશીકું એક ઉપયોગી વસ્તુ છે.
તે સૂતી વખતે માથા નીચે રાખવામાં આવે છે.
ઓશીકું આરામદાયક હોય છે.
તેમાં રૂ વપરાય છે.



## ઔષધ

ઔષધ એટલે દવા.
માંદા પડીએ ત્યારે ડૉક્ટર આપણને ઔષધ આપે.
ખાવા-પીવામાં કાળજી રાખીએ
તો માંદા ન પડાય અને ઔષધ લેવું ન પડે.



## અંકુર

ખેતરમાં બીજ વાવીએ પછી તેને અંકુર ફૂટે છે.
અંકુરને ફણગો પણ કહેવાય.
અંકર જોવાની મજા આવે.














**ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ**
સર્વ શિક્ષા અભિયાન,
સેક્ટર-૧૭, ગાંધીનગર.

**શિક્ષણનો અધિકાર**

**સર્વ શિક્ષા અભિયાન**
**સૌ ભણે, સૌ આગળ વધે**